# જિલ્લામાં ૧૩ ઔદ્યોગિક વસાહતમાં ૨૪૬ પ્લોટ હાલ ખાલી અને ૨૭ શેડ ખાલી છે

## ઉપ સચિવ સંવર્ગની ૯૩, આઈ.એ.એસ.ની ૭૧ અને સેક્શન અધિકારીની ૧૦૭ જગ્યાઓ ખાલી છે

ગાંધીનગર, તા. ૮

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે સામાન્ય વહીવટ, ગૃહ, શહેરી વિકાસ, પોલીસ હાઉસીંગ, સિવીલ ડિફેન્સ, જેલ, નશાબંધી અને આબકારી વિભાગ, જળસંત્તિ વિભાગ જેવા વિભાગોની પ્રશ્નોત્તરી હોવા છતાં જોઈએ તેવી ઉત્તેજના પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન જોવા મળી ન હતી.

● **ઘનકચરા વ્યવસ્થાપનના કાયદા**

કોંગીના હિંમતસિંહ પટેલે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઘન કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬ના પેટા કાયદા ઘડવાની જવાબદારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની છે તે વાત સાચી છે જેનો સરકારે સ્વીકાર કર્યો છે.

આ જિલ્લામાં એક પણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં નિયમો ઘડવાના બાકી નથી.

● **આઈ.એ.એસ.ની મંજૂર જગ્યાઓ**

સિદ્ધપુરના ચંદનજી ઠાકોરે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ રાજ્યમાં આઈ.એ.એસ.ની મંજૂર થયેલ જગ્યાઓ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧૩ જગ્યા મંજૂર થયેલી છે. આ પૈકી ૭૧ જગ્યા ખાલી છે અને હાલ ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ મંજૂર થયેલ જગ્યાઓમાંથી ૨૩ અધિકારીઓ કેન્દ્રમાં પ્રતિનિયુક્તી પર છે.

● **ઈ.હરાજીથી ખનિજ બ્લોક્સની ફાળવણી**

અસારવાના ધારાસભ્ય પ્રદીપભાઈ પરમારે ૩૧-૩-૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ખનિજવાર કેટલા બ્લોક્સની હરાજી યોજાઈ હતી તેવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે સાદી રેતીના ૨૦ બ્લોક્સ હરાજીમાં મુકવામાં આવ્યા હતા. જે પૈકી ૧૫ બ્લોક્સની હરાજી સફળ થઈ છે.

તેમણે જણાવ્યુ કે રાજ્યમાં ઈ. હરાજીથી ૧૦૫૨ બ્લોક્સ મુકવામાં આવ્યા હતા.

● **પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાન**

ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, દહેગામના બલરાજસિંહ ચૌહાણ, કડીના કરશનભાઈ સોલંકીએ જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનોનું બાંધકામ છેલ્લા બે વર્ષમાં પૂર્ણ થયુ તેવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ૬૬ મકાનોનું બાંધકામ પૂર્ણ થયુ છે.

આ માટે રાજ્યને રૂ. ૫૨૬૦૫ લાખનો ખર્ચ થયો છે.

● **સેક્શન અધિકારી વર્ગ-૨ નું મહેકમ**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ સચિવાલય સેક્શન અધિકારી વર્ગ-૨ ના મંજૂર મહેકમને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ સેક્શન અધિકારી વર્ગ-૨ નું સચિવાલય કક્ષાએ ૫૩૫ જગ્યાઓનું મંજૂર મહેકમ છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

તેમણે જણાવ્યુ છે કે આ સ્થિતિમાં મંજૂર મહેકમ પૈકી ૪૨૮ જગ્યાઓ ભરેલી છે અને ૧૦૭ જગ્યાઓ ખાલી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ખાલી જગ્યાઓમાં ૨૫ જગ્યાઓ બઢતી અને ૯ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની થાય છે. આ ખાલી જગ્યાઓ વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવશે તેમ પણ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● **ઉપ સચિવ વર્ગ-૧ ની જગ્યાઓ**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ મુલ્કી સચિવાલયમાં ઉપસચિવ વર્ગ-૧ ની મંજૂર જગ્યાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે કુલ ૧૮૬ જગ્યાઓ મંજૂર થયેલ છે.

૩૧-૧૨-૨૦ની સ્થિતિએ આ સંવર્ગની ૯૩ જગ્યા ભરાયેલ છે અને ૯૩ જગ્યા ખાલી છે.

● **જિલ્લામાં ઔદ્યોગિક વસાહત**

ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક વસાહતોને લઈ થરાદના ગુલાબસિંહ રાજપૂતે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૧૩ ઔદ્યોગિક વસાહતમાં ૩૦૭૭ પ્લોટ અને ૫૩૭ શેડ આવેલા છે.

આ પૈકી ભાડે અને ભાડાપટ્ટે આપેલ પ્લોટની સંખ્યા ૨૮૩૧ છે. ભાડે અને ભાડા પટ્ટે આપેલ ઔદ્યોગિક શેડ ૫૧૦ છે.

૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ૨૪૬ પ્લોટ ખાલી છે અને ૨૭ શેડ હાલ ખાલી છે. આ વસાહતોમાં આવેલ ૧૨૫ ઔદ્યોગિક એકમો બંધ છે.

# સે-૨૯ માં નવા આવાસો બાંધવા માટે ૩૦૦ જોખમી મકાનો તોડવામાં આવશે

## જ અને છ કક્ષાના મકાનો રહીશોને ખાલી કરાવી આવાસો તોડવાનુ કામ શરૂ કરાશે

ગાંધીનગર તા ૮

સે-૨૯ માં નવા મકાનો બાંધવા માટે આયોજન કરાયુ છે. અગાઉ પણ સે-૨૯ માં નવી આવાસ યોજના તૈયાર કરવામાં આવી હતી જયારે શહેરમાં નવા આવાસો બાંધવા માટે નવી જગ્યાની સ્થળ પસંદગીની પ્રક્રીયા અન્વયે સે-૨૯ માં જગ્યા નકકી કરવામાં આવી છે. જેથી હાલ સેકટરમાં જ અને છ કક્ષાના ૩૦૦ જેટલા આવાસો ખાલી કરાવવા માટે તંત્ર કામે લાગ્યુ છે. આ આવાસો ખાલી કરાયા બાદ જુના અને જર્જરિત મકાનો તોડી નવા મકાનો બાંધવા માટેનો પ્રોજેકટ હાથ ધરવામાં આવશે.

શહેરના સે-૨૯ માં નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. સે-૭ અને સે-૩૦ માં નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરાયા બાદ હાલ સે- ૬ માં પણ કામ નવા મકાનો બાંધવા માટેની કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત સે-૨૯ માં પણ અગાઉ નવા આવાસો તૈયાર કરાયા બાદ હાલ કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. જો કે નવા આવાસો બાંધવા માટે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી સે-૨૯ માં નવી સાઈટ પસંદ કરવામાં આવી છે. નવા મકાનો બાંધવા માટે અગાઉ તૈયાર કરાયેલી આવાસ યોજનાની સામે જ સ્થળ પસંદગી કરવામાં આવી છે. સે-૨૯ માં નવા ૫૬૦ મકાનો બાંધવામાં આવશે. સેકટરોમાં દાયકાઓ જુના કંગાળ આવાસોનો નિકાલ કરીને નવા મકાનો બાંધવા માટે જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે.

ત્યારે જુના આવાસો ખાલી કરાવાનો મામલો પણ તંત્ર માટે શિરદર્દ સમાન બની રહ્યો છે. વર્ષોથી એક જ આવાસમાં રહેતા કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો જલદી આવાસ ખાલી કરવા માટે તૈયાર થતા નથી. સે-૨૯ માં નવા મકાનો બાંધતા પુર્વે હાલ સેકટરમાં જ અને છ કક્ષાના મકાનોમાં વસવાટ કરતા રહીશોને આવાસો ખાલી કરાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# ૧૫ મા નાણાં પંચની બેઝીક ગ્રાન્ટનો બીજો હપ્તો રૂ. ૧૪.૫૬ કરોડનો પંચાયતને ફળવાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાને ૧૫ મા નાણાં પંચની વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષની બેઝીક ગ્રાન્ટનો બીજો હપ્તો રૂ. ૧૪.૫૬ કરોડનો ચુકવી આપવામાં આવ્યો છે.

જિલ્લામાં આચારસંહિતાના અમલને લઈ બંધ થયેલા વિકાસના કામો હવે પુનઃ પાટે ચડશે તેમ મનાઈ રહ્યુ છે. બેઝીક ગ્રાન્ટના નાણાં છુટા થતાં જ જિલ્લાને પણ મોટી આર્થિક રાહત થઈ છે.

હવે આ રકમ ૨૮૬ ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતને ફાળવણી પણ કરી દેવામાં આવી ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ પંચાયતોને ૭૦ ટકા લેખે, તા. પંચાયતને ૨૦ ટકા લેખે અને જિલ્લા પંચાયતને ૧૦ ટકા લેખે રકમ ફાળવણી કરી દેવાઈ છે. જિલ્લા પંચાયત દ્વારા પંચાયતોને ૩૧ માર્ચ સુધીમાં કામોનું આયોજન પૂર્ણ કરી બનતી ત્વરાએ તેને મંજૂરી આપી કામો હાથ ધરવા માટેની જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી છે.

૧૫ મા નાણાં પંચમાં બેઝીક ગ્રાન્ટ ઉપરાંત ટાઈડ ગ્રાન્ટ ફાળવવામાં આવશે. ૧૫ મા નાણાં પંચ અંગે પંચાયતોને આ નાણાં વપરાશ અંગેની માર્ગદર્શિકા પ્રમાણે જ કામો હાથ ધરવાના રહેશે જે પણ ઉલ્લેખનીય છે.

# જિલ્લામાં બીજે દિવસે પણ ૧૩ કેસ

## ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૭ કેસ નોંધાયા : શહેરના સે. ૧માં બે કેસ ઉપરાંત સે. ૫, ૬, ૧૪, ૨૭ માંથી કેસ મળ્યા : ૧૧ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ કોરોનાના ૧૩ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૭ અને શહેરમાં ૬ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાએ માથુ ઉંચકતાં તંત્રની ચિંતા વધી છે. ગાંધીનગર તાલુકામાંથી જ આજે કેસો મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકામાં આજે નોંધાયેલ કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે અને તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૭ કેસમાં બે કર્મયોગી, એક નિવૃત્ત કર્મયોગી, એક ખેડૂત, એક વેપારી અને એક ખાનગી નોકરીયાત તો એક ગૃહીણીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના ભોંયણ રાઠોડ, લવારપુર, મોટા ચિલોડા, અડાલજ, રાંદેસણ ઉપરાંત કુડાસણમાંથી બે કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૪૧૪૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.+


● અનુસંધાન પાન-૭ પર



યે કહાં આ ગયે હમ...આ તસવીર જોઈ એવુ ગીત મનમાં ચોક્કસ ગણગણી ઉઠે છે. આપણે અહીં જ છીએ, ગાંધીનગરમાં... એક નજર ઉઠાવીને જરાક ઉપર અને આજુબાજુ નજર ફેરવીશુ તો શહેરના માર્ગો રંગબેરંગી દેખાશે. માર્ગની આસપાસ ઉગાડેલા વૃક્ષો આજકાલ વિધવિધ રંગી ફુલોથી ખીલી ઉઠ્યા છે. આપણે જાણે કોઈ ફુલોના શહેરમાં આવી ગયા હોય તેવુ લાગે છે. ગાંધીનગરનું સદ્દભાગ્ય છે કે પ્રાકૃતિક સૌંદર્ય એટલું જ નિખરી ઉઠ્યું છે કે, પાટનગર જાણે પ્રકૃતિનું પણ પાટનગર હોય.....

# અમદાવાદ-દિલ્હી બુલેટ ટ્રેન માટે ઉવારસદ સિમાડે જમીન સંપાદન પ્રક્રિયા આરંભાઈ

## રેલ્વે અધિકારીઓ સાથે ખેડૂતોની બેઠકનું આયોજન થયુ, જંત્રીની કિંમતના ચાર ગણા વળતરની ફોર્મ્યુલાથી ખેડૂતો નાખુશ




ગાંધીનગર, તા. ૮

અમદાવાદ-દિલ્હી બુલેટ ટ્રેન ગાંધીનગરના સીમાડે આવેલ ઉવારસદ પંથકમાંથી પસાર કરવા માટે જમીન સંપાદનની કામગીરી રેલવે વિભાગે શરૂ કરી છે. ઉવારસદના કેટલાક ખેડૂતોની નવા સર્વે મુજબની જમીનમાંથી પસાર થતી આ બુલેટ ટ્રેન માટે જમીન સંપાદન કરવા સરકારની ફોર્મ્યુલા લઈ રેલ અધિકારીઓએ સોમવાર સવારે ઉવારસદ ગ્રામ પંચાયતની કચેરીએ ખેડૂતો સાથે બેઠક યોજી હતી. જો કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટેના આ પ્રથમ સોપાનના પ્રારંભે જ ખેડૂતો સાથેની બેઠક અસહમતિ સાથે પુર્ણ થઈ હોવાનું જાણવા મળ્યુ છે.

બુલેટ ટ્રેનના કોરીડોરના નકશા મુજબ અમદાવાદ દિલ્હી વચ્ચે આવતા તમામ ગામોની જમીન સંપાદન કરવાની થતી હોવાનું સુત્રોએ જણાવ્યુ છે ત્યારે ગાંધીનગરના ઉવારસદ ગામેથી પણ આ બુલેટ ટ્રેન પસાર થવાની હોવાથી અધિકારીઓએ ખેડૂતોને સોમવારના રોજ ઉવારસદ ગ્રામ પંચાયત ખાતે બોલાવી પ્રથમ જાણકારી આપી હતી. નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશને આ પંથકનો જારી કરેલો નકશો ઉવારસદ સીમાડે આવતી જમીનોને બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અસર કરી રહ્યો છે.

ઉવારસદના ખેડૂત મુકેશભાઈ ઠાકોરે આપેલી માહિતી મુજબ ઉવારસદના કુલ ૧૦૩ નવા સર્વે નંબરને આ કોરીડોર અસર કરે છે જેથી રેલ અધિકારીઓએ બોલાવેલી બેઠકમાં ૧૦૦ થી વધુ ખેડૂતો હાજર રહ્યા હતા. જેઓને રેલ અધિકારીઓએ સરકારની ફોર્મ્યુલા રજુ કરતા જણાવ્યુ હતુ કે ચાલતી જંત્રીથી ચાર ગણુ વળતર મળી શકે છે. પરંતુ ખેડૂતોએ મૌખિક રીતે આ પ્રસ્તાવને અસ્વીકૃત કરી દીધો હતો. વધુમાં ખેતી કરતા ખેડૂતો પોતાની ભૂમિને છોડવા માંગતા ન હોઈ રેલ અધિકારીઓની તમામ બાબતોને તેઓએ નકારી કાઢી હતી. અડાલજ-ઉવારસદ થઈ વાવોલ સીમાડો દર્શાવતો બુલેટ ટ્રેન કોરીડોરથી હાલ તો આ પંથકમાં ભારે હલચલ મચી ગઈ છે તેમજ આ પ્રક્રિયાને કેટલો સમય લાગશે અને સંપુર્ણ માહિતી આ પ્રોજેક્ટની મળતી ન હોવાથી દરેક બાબતો અનિર્ણિત રહેવાની શક્યતા જણાઈ રહી છે ત્યારે સરકાર દ્વારા વિગતવાર જાણકારી ખેડૂતોને પૂરી પડાય તેવી માંગ ઉઠી છે.

# સેલ્ફી પોઈંટ બનાવવાનો મુદ્દો સ્થળ પસંદગીને લઈ મુલત્વી રાખ્યો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકે શહેરમાં સેલ્ફી પોઈંટ બનાવવા માટેના ટેન્ડરનો નિર્ણય સ્થળની પસંદગીને લઈ મુલ્તવી રાખવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે ચ માર્ગ એ નગરનો મુખ્ય માર્ગ છે અને ચ-૫ નજીક ઘણી બધી કચેરીઓ આવેલી છે ત્યારે આ સેલ્ફી પોઈંટ બનાવવાથી ટ્રાફિકની ગંભીર સમસ્યા ઉભી થઈ શકે તેમ હોવાનું કારણ રજુ કરી અને સેલ્ફી પોઈંટ માટે અન્ય સ્થળ પસંદગી માટેના વિકલ્પ પર વિચારણા શરૂ કરાઈ છે.

મળતી વિગતો પ્રમાણે મહાત્મા મંદિર નજીક, સચિવાલય પોઈંટ બસોના બસ સ્ટેન્ડ નજીક કે પુનિત વન કે સરિતા ઉદ્યાન નજીકના વિસ્તારમાં આવો પોઈંટ ડેવલપ કરી શકાય કે કેમ તે વિકલ્પો પર વિચારણા કરી અને આખરી નિર્ણય લેવામાં આવશે. આ માટે સ્થાયી સમિતિના સભ્યો વિવિધ સ્થળોની પણ મુલાકાત લઈ શકે છે તેમ આ સૂત્રોનું કહેવુ છે.

આજે મળેલ સ્થાયી સમિતિમાં જે મહત્વના નિર્ણયો લેવાયા છે તેમાં ટ્રોમીલના ભાડામાં થયેલો ઘટાડાનો પણ સમાવેશ થાય છે. ''આઈ લવ માય ગાંધીનગર'' થીમ પર સેલ્ફી પોઈંટ બનાવાવમાં આવનાર છે એટલે સ્થળની પસંદગી મહત્વની રહેશે તેમ પણ સૂત્રોનું માનવુ છે.

પેથાપુર, ઝુંડાલ અને રાંધેજામાં ગટરની કામગીરી માટે રૂ. ૨૮ લાખનો ખર્ચ કરવાની મંજૂરી અપાઈ છે.

આ ઉપરાંત ગાંધીનગર શહેરની સોસાયટીઓમાં પેવર બ્લોકની કામગીરી માટે મનપા દ્વારા મંજૂરી અપાતી નથી પરંતુ પેથાપુરમાં ઊર્જાનગર અને સિદ્ધિ વિનાયક બંગ્લોઝ ખાતે પેવર બ્લોક અને આર.સી.સી.ની કામગીરી હાથ ધરવા માટે રૂ. ૨૪.૦૬ લાખનો ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

**ડ્રેનેજ મેઈનટેનન્સ અને ઓપરેશન માટેનું ટેન્ડર રદ કરી નવેસરથી ટેન્ડર પ્રક્રિયા કરવા કમિશનરને કહ્યુ**

મનપા વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્કના મેઈનટેનન્સ અને ઓપરેશનના ટેન્ડરને રદ કરી નવેસરથી ટેન્ડર પ્રક્રિયા કરવા માટે સ્થાયી સમિતિએ કમિશનરને સૂચવ્યુ છે.

આજે મળેલ મનપાની બેઠકમાં ક-૭ થી રાંધેજા સુધી સ્ટ્રીટલાઈટના કામને પણ મંજૂરી આપી દેવામાં આવી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હજુ એકાદ બેઠક સ્થાયી સમિતિની સામાન્ય ચૂંટણીની જાહેરાત પહેલા મળી શકે તેવી શક્યતાઓ છે.

# ડેપોમાં છેલ્લા ત્રણ વર્ષથી ભરતીના અભાવે ૧૦ ડ્રાઈવર અને ૭ કન્ડકટરની ઘટ

## ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાના અભાવ વચ્ચે સ્ટાફની પણ ઘટ : સ્ટાફના અભાવે જરૂરી રૂટોમાં બસનુ યોગ્ય સંચાલન થઇ શકતુ નથી

ગાંધીનગર તા ૮

કોરોના કાળમાં એસ ટી બસના પૈડા પાટે ચઢી ગયા બાદ ડેપોમાં મુસાફરોની ભીડ જોવા મળે છે. પરંતુ હજુ ડેપો કક્ષાએથી યોગ્ય રૂટમાં બસોનુ સંચાલન ન થતા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં સલામત સવારી નસીબ થતી નથી એસ ટી ડેપોમાં છેલ્લા ત્રણ વર્ષથી ડ્રાઈવર કંડકટરની ઘટ પુરાઈ નથી હાલમાં પણ ડેપોમાં ૧૦ ડ્રાઈવર , ૭ કન્ડકટર અને ૧૫ જેટલા મિકેનીકની ઘટ છે. જેના લીધે બસોનુ સંચાલન પણ પ્રભાવિત થયુ છે.

એસ ટી ડેપોમાં છેલ્લા ત્રણ વર્ષથી ડ્રાઈવર કંડકટરની ભરતી થઈ નથી. કોરોના કાળમાં એસ ટી બસના પૈડા થંભી ગયા હતા જયારે લોકડાઉન બાદ લાંબા સમયના અંતે હાલ એસ ટીના પૈડા પાટે ચઢયા છે. એસ ટી ની આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો હતો જયારે હાલની સ્થિતિએ ગાંધીનગર ડેપો કક્ષાએ બસોનુ સંપુર્ણ સંચાલન કરવામાં આવી રહ્યુ છે. શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટો તેમજ વોલ્વો બસ સેવા પણ શરૂ કરી દેવામાં આવી છે. જયારે ડેપો સંકુલમાં અગાઉની જેમ જ મુસાફરોની ભીડ પણ જોવા મળે છે. જયારે એસ ટી ની આવક પણ સરેરાશ અગાઉની જેમ થાય છે. આવા સંજોગોમાં હજુ ગાંધીનગર આસપાસના ગામોની હાલત એસ ટી બસ સેવાના મામલે છેવાડાના ગામડા જેવી છે. શહેર નજીકના ઘણાં ખરા ગામોમાં બસ જતી નથી જેના લીધે સ્થાનિક ગ્રામજનો તેમજ વિદ્યાર્થીઓ અને નોકરીયાત વર્ગે હજુ ખાનગી વાહનોના આધારે જ મુસાફરી કરવી પડે છે. બીજીતરફ એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના પણ અભેરાઈએ ચઢાવી દેવામાં આવી છે. એસ ટી ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓ અને સલામતીનો અભાવ છે. ત્યારે ડેપો હસ્તક પણ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan ashirvad Jaquar experience bathing DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com